ચિત્રકલા, શિલ્પકલા અને છબીકલાના ક્ષેત્રના
વર્ષ:૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨, ૨૦૨૨-૨૩ના ગૌરવ
પુરસ્કાર મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,
સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર.
ઠરાવ ક્રમાંક: લકઅ/૧૦૨૦૨૪/સી.વી-૦૧/ફ
તા.૧૨/૧૨/૨૦૨૪

વંચાણે લીધા:

૧. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગનો ઠરાવ ક્રમાંક: લકઅ/૧૦૨૦૦૯/સી.વી.૧૯/અ, તા.૧૪/૦૭/૨૦૦૯.
૨. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગનો ઠરાવ ક્રમાંક: લકઅ/૧૦૨૦૨૩/૧૩૩૬/ફ, તા.૧૫/૦૫/૨૦૨૩.
૩. ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા ચિત્રકલા, શિલ્પકલા અને છબીકલાના ક્ષેત્રે એનાયત કરવામાં આવતા ગૌરવ પુરસ્કારો માટે માન.મંત્રીશ્રી(સાંસ્કૃતિક પ્રવૃતિઓ)ના અધ્યક્ષપદે તા. ૨૪/૦૭/૨૦૨૪ના રોજ મળેલ બેઠકની કાર્યવાહી નોંધ.
૪. વિભાગની સમાનાંકી ફાઈલના નોંધ વિભાગ પર તા.૧૨/૧૨/૨૦૨૪થી મળેલ સરકારશ્રીની મંજૂરી.

પ્રસ્તાવના:

રાજ્યમાં ચિત્રકલા, શિલ્પકલા અને છબીકલાના ક્ષેત્રે ગણનાપાત્ર પ્રદાન કરનાર નામાંકિત કલાકારોને ગૌરવ પુરસ્કાર એનાયત કરવાની રાજ્ય સરકારની યોજના છે. વંચાણે લીધા ક્રમાંક-૨ના ઠરાવથી, રેતીશિલ્પને શિલ્પકલા ક્ષેત્રે સમાવેશ કરેલ છે તેમજ પસંદગી સમિતિ દ્વારા નામાંકન ઉપરાંત અરજી કરેલ ન હોય તો પણ વિશિષ્ટ પ્રતિભા ધરાવતા કલાકારોને ગૌરવ પુરસ્કાર એનાયત કરી શકાય, તે મુજબનુ ઠરાવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક-૩થી તા.૨૪/૦૭/૨૦૨૪ના રોજ માન.મંત્રીશ્રી(સાંસ્કૃતિક પ્રવૃતિઓ)ના અધ્યક્ષપદે ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીની ગૌરવ પુરસ્કાર પસંદગી સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવેલ હતું. આ બેઠકમાં ચિત્રકલા, શિલ્પકલા અને છબીકલાના ક્ષેત્ર માટેના વર્ષ:૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ માટેના કુલ-૨૬ કલાકારોની ગૌરવ પુરસ્કાર માટે વિચારણા કરી સર્વાનુમતે પસંદગી કરવામાં આવેલ છે. આ નિર્ણયને અનુમોદન આપવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે, પસંદગી સમિતિએ પસંદ કર્યા મુજબના ચિત્રકલા, શિલ્પકલા અને છબીકલાના ક્ષેત્રે ગણનાપાત્ર પ્રદાન કરનાર વર્ષ:૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ માટેના પરિશિષ્ટ-૧ થી ૩માં દર્શાવેલ કુલ-૨૬ કલાકારોને દરેકને રૂા.૫૧,૦૦૦/- ની રકમના પુરસ્કાર આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ અંગેનો ખર્ચ બજેટ સદર માંગણી નં-૯૮, મુખ્ય સદરઃ-૨૨૦૫-કલા અને સંસ્કૃતિ, ગૌણ સદરઃ-૧૦૨-કલા અને સંસ્કૃતિને ઉત્તેજન- પેટા સદર-૦૨- એઆરટી-૫ લલિતકલા અકાદમીની સાંસ્કૃતિક પ્રવૃતિઓ (૯૮-૨૨૦૫-૦૦-૧૦૨-૦૨, ART-5) હેઠળ કરવામાં આવેલ જોગવાઈમાંથી ઉધારવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર મળેલ મંજૂરી અને વંચાણે લીધેલ ક્રમાંક-૩ની કાર્યવાહી નોંધ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(સુનિલ સલુજા)
ઉપસચિવ (સાં.પ્ર)
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ

પ્રતિ,

૧. માનનીય મંત્રીશ્રી (સાંસ્કૃતિક પ્રવૃતિઓ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
૨. માનનીય રા.ક.મંત્રીશ્રી (સાંસ્કૃતિક પ્રવૃતિઓ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
૩. અગ્રસચિવશ્રી,રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, બ્લોક નં.૨/૮, સચિવાલય, ગાંધીનગર.
૪. નિયામકશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૫. અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય લલિતકલા અકાદમી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૬. સચિવશ્રી, ગુજરાત રાજય લલિતકલા અકાદમી, રવિશંકર રાવળ કલાભવન, અમદાવાદ..
૭. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
૮. નિવાસી અને તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર
૯. શાખા સિલેક્ટ ફાઈલ

પરિશિષ્ટ-૧

## ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી, ગાંધીનગર

## ગૌરવ પુરસ્કાર વર્ષ: ૨૦૨૦-૨૧

## ચિત્રકલા, શિલ્પકલા, છબીકલા(ફોટોગ્રાફી) ક્ષેત્ર

## પસંદગી સમિતિની બેઠકમાં પસંદ કરેલ કલાકાર તા.૨૪/૦૭/૨૦૨૪

| ક્ષેત્ર | ક્રમ | કલાકારનું નામ | જિલ્લો |
|---|---|---|---|
| ચિત્રકલા | ૧ | શ્રી સુરેશ રાવલ | રાજકોટ |
| | ૨ | શ્રી ભરત પંડ્યા | ભાવનગર |
| | ૩ | શ્રી બિપીન રમણીકલાલ સોની | ભુજ,કચ્છ |
| | | | |
| છબીકલા (ફોટોગ્રાફી) | ૧ | શ્રી ઈશ્વરલાલ દલપતરામ વ્યાસ | રાજકોટ |
| | ૨ | શ્રી નિખિલ એમ. પિલોજપુરા | રાજકોટ |
| | ૩ | શ્રી મુકેશચંદ્ર જયંતીલાલ ઠક્કર | અમદાવાદ |
| | | | |
| શિલ્પકલા | ૧ | શ્રી પ્રવિણસિંહ ભુપતસિંહ ઝાલા | રાજકોટ |
| | ૨ | શ્રી દયાલભાઈ હરિભાઈ પટેલ | વલસાડ |
| | ૩ | શ્રીમતી ગીતા કે. પરમાર | વડોદરા |
| | | | |

(સુનિલ સલુજા)

ઉપસચિવ (સાં.પ્ર)

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ

પરિશિષ્ટ-૨

## ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી, ગાંધીનગર

## ગૌરવ પુરસ્કાર વર્ષ:૨૦૨૧-૨૨

## ચિત્રકલા, શિલ્પકલા, છબીકલા(ફોટોગ્રાફી) ક્ષેત્ર

## પસંદગી સમિતિની બેઠકમાં પસંદ કરેલ કલાકાર તા.૨૪/૦૭/૨૦૨૪

| ક્ષેત્ર | ક્રમ | કલાકારનું નામ | જિલ્લો |
|---|---|---|---|
| ચિત્રકલા | ૧ | શ્રી નરેન્દ્રકુમાર કે. પટેલ | બનાસકાંઠા |
| | ૨ | શ્રી બંસીધર ખત્રી | અમદાવાદ |
| | ૩ | શ્રી પ્રશાંતભાઈ પટેલ | અમદાવાદ |
| | | | |
| છબીકલા (ફોટોગ્રાફી) | ૧ | શ્રી દિનેશ હર્ષદભાઈ ખત્રી | અમદાવાદ |
| | ૨ | શ્રી અરવિંદ નાથાણી | ભુજ-કચ્છ |
| | ૩ | શ્રી બિપિનચંદ્ર જોનભાઈ  ક્રિશ્ચિયન | અમદાવાદ |
| | | | |
| શિલ્પકલા | ૧ | સુશ્રી બિનલ એમ. પટેલ | આણંદ |
| | ૧ | શ્રી મુકેશકુમાર રમણભાઈ મિસ્ત્રી | આણંદ |
| | | | |

(સુનિલ સલુજા)
ઉપસચિવ (સાં.પ્ર)
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ

પરિશિષ્ટ-૩

## ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી, ગાંધીનગર

## ગૌરવ પુરસ્કાર વર્ષ: ૨૦૨૨-૨૩

## ચિત્રકલા, શિલ્પકલા, છબીકલા(ફોટોગ્રાફી) ક્ષેત્ર

## પસંદગી સમિતિની બેઠકમાં પસંદ કરેલ કલાકાર તા. ૨૪/૦૭/૨૦૨૪

| ક્ષેત્ર | ક્રમ | કલાકારનું નામ | જિલ્લો |
|---|---|---|---|
| ચિત્રકલા | ૧ | શ્રી ભુપત કે. લાડવા | રાજકોટ |
| | ૨ | શ્રી સામતભાઈ લખમણભાઈ બેલા | દેવભુમિ દ્વારકા |
| | ૩ | શ્રી અલ્પેશ વી. પટેલ | અમદાવાદ |
| | ૪ | શ્રી કિશોરકુમાર નરખડીવાલા | આણંદ |
| | ૫ | શ્રી સુનિલ દરજી | વડોદરા |
| | ૬ | શ્રી નાગજીભાઈ પ્રજાપતિ | અમદાવાદ |
| | | | |
| છબીકલા (ફોટોગ્રાફી) | ૧ | શ્રી શ્રીકાંત રાખે | અમદાવાદ |
| | ૨ | શ્રી નલિનીકાંત પુરૂષોત્તમદાસ વૈશ્યક | ગાંધીનગર |
| | ૩ | શ્રી અરજણભાઈ નાથાભાઈ રાસડિયા | અમદાવાદ |
| | | | |
| શિલ્પકલા | પસંદગી પામેલ નથી | | |
| | | | |

(સુનિલ સલુજા)
ઉપસચિવ (સાં.પ્ર)
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ